Extra No. 119

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **TUESDAY, APRIL 28, 2026 / VAISAKHA 8, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધુ:

(૧) પોલીસ અધિક્ષકશ્રી, સા.કાં.ના તા.૦૯/૦૪/૨૦૨૬ના પત્ર ક્રમાંક:એલઆઈબી/ડ્રાય-ડે/પ્રતિબંધ/૮૭૬/૨૦૨૬

(૨) લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૫(સી)

હુકમ

ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ની કલમ-૧૪૨ અન્વયેનું જાહેરનામું

નં.ડીસી/પીઓએલ-૨/ગ્રામ પંચાયત ચૂંટણી/ડ્રાય ડે જાહેરનામું/વશી/૫૮૦/૨૦૨૬ - ગુજરાતના રાજય ચૂંટણી આયોગ ધ્વારા મહાનગરપાલિકા/ નગરપાલિકા(સામાન્ય/પેટા) તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી-૨૦૨૬નો ચૂંટણી કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ સાબરકાંઠા જિલ્લામાં નગરપાલિકાની સામાન્ય/પેટા ચૂંટણી તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો તેની તા.૨૭/૦૪/૨૦૨૬ તથા મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ હાથ ધરાનાર છે.

ભારતના બંધારણના આર્ટીકલ-૩૨૪થી ભારત/રાજયના ચુંટણીપંચને સદર ચૂંટણીઓ મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ રીતે યોજવા માટે સત્તા, ફરજો અને કાર્યો સુપ્રત કરવામાં આવેલા છે. સદર ચૂંટણીઓની પ્રક્રિયા મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ રીતે સંપન્ન કરવાની થાય છે. વધુમાં, ભારત/રાજયના ચૂંટણી આયોગ ધ્વારા ચુંટણીના કાર્યક્રમની જાહેરાત થવાની સાથે ચુંટણીની આદર્શ આચાર સંહિતાનો અમલ શરૂ થયો છે. સદર ચૂંટણીઓ મુક્ત, નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે માટે રાજ્ય ચુંટણી આયોગની સુચનાઓ અને આપવામાં આવતા નિર્દેશોની અમલવારી કરવાની થાય છે. લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫(૩)ની જોગવાઈ અનુસાર આ ચૂંટણીઓમાં દારૂ અને નશાયુક્ત પદાર્થોના વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. તદઅનુસાર મતદાન, મત ગણતરી સહિત તેની આસપાસના કેટલાક દિવસોને "ડ્રાય ડે" તરીકે જાહેર કરવાના રહે છે, જો કે રાજયમાં પૂર્ણ દારૂબંધી અમલમાં છે જ તેમ છતાં જે કોઈ વ્યક્તિ/સંસ્થાઓને દારૂ વેચવા કે પીરસવા માટે પરવાના આપેલ હોય તેઓના આ ધંધા ઉપર પ્રતિબંધ મુકવા આમુખ-(૧)ના પોલીસ અધિક્ષકશ્રી સાબરકાંઠાના પત્રથી સાબરકાંઠા જિલ્લામાં ચૂંટણી દરમ્યાન મતદારો નિર્ભયપણે મતદાન કરી શકે તે માટે દારૂ અને નશાકારક ચીજોના વેચાણ પર પ્રતિબંધ મુકવાનો થતો હોઈ ચૂંટણી હેઠળના વિસ્તારમાં "ડ્રાય ડે" જાહેર કરવા અંગે જરૂરી જાહેરનામું બહાર પાડવા માંગણી કરેલ છે.

સબબ, ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ની કલમ-૧૪૨ની જોગવાઈઓથી મને મળેલ અધિકારની રૂ એ હું લલિત નારાયણ સિંઘ સાંદુ(આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો આથી સાબરકાંઠા જિલ્લાની હદ વિસ્તારમાં ચૂંટણીઓ હેઠળના તમામ શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલ પોપડોડા તથા વિદેશી દારૂનું પરમીટ ધરાવનારે

(૧) તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ સવારના ૭-૦૦ વાગ્યાથી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી મતદાન યોજાનાર હોઈ મતદાનનો સમય પુરો થવાના

કલાક સાથે પુરા થાય તે રીતે ૪૮ કલાકનો સમય એટલે કે, તા.૨૪/૦૪/૨૦૨૬ના સાંજના ૦૬.૦૦ કલાક થી તા.૨૬/૦૪/૨૦૨૬ના સાંજના ૦૬.૦૦ કલાક સુધી (જો તા. ૨૭/૦૪/૨૦૨૬ના રોજ પુન: મતદાન યોજાય તો પુન:મતદાનના દિવસે પણ અમલવારી કરવાની રહેશે) તથા

(૨) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી એપ્રિલ-૨૦૨૬ મતગણતરી દિવસ એટલે કે, તા. ૨૮/૦૪/૨૦૨૬ના રોજ મતગણતરી પૂર્ણ ન થાય ત્યાં સુધી દારૂ, પોપડોડા કે અન્ય નશાયુક્ત પદાર્થોનું વેચાણ તેમજ પીરસવા, વહેંચણી પર પ્રતિબંધ ફરમાવું છું.

ઉપર્યુકત ફરમાનનો અમલ કરવા સારૂ હું સબંધિત પોલીસ સ્ટેશનનો હવાલો ધરાવતા અધિકારીને અધિકૃત કરૂ છું.

સદરહું હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

સદરહું હુકમ તમામને વ્યક્તિગત રીતે બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરું છું. આ આદેશની પ્રસિધ્ધિ સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં વર્તમાનપત્રો તેમજ જાહેર નોટિસબોર્ડ ઉપર ચોટાડીને બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ તા.૧૭/૦૪/૨૦૨૬ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

આમુખ:-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાના તા.૨૭/૦૪/૨૦૨૬ના પત્ર ક્રમાંક: ટ્રાફિક/હિંમતનગર-મતગણતરી/ જાહેરનામું/પ્રસિધ્ધી/૫૫૪/૨૦૨૬

આદેશ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ - ૩૩(૧)(બી), ૩૩(૧)(સી) અન્વયે વાહનવ્યવહાર નિયમન

નં.પી.ઓ.એલ-૨/રોડ ડાયવર્ઝન/જાહેરનામું/વશી/૬૪૮/૨૦૨૬ - આમુખ-(૧)ના પત્રની વિગતે સ્થાનિક સ્વરાજની ચૂંટણી-૨૦૨૬ અંતર્ગત હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશન "વિસ્તારમાં આવેલ સરકારી પોલીટેકનીક કોલેજ એકેડેમિક બીલ્ડીંગ, મોતીપુરા, હિંમતનગર મુકામે તા. ૨૮/૦૪/૨૦૨૬ના રોજ હિંમતનગર નગરપાલીકા કુલ-૧૧ વોર્ડની ૪૪ બેઠકોની તેમજ જિલ્લા પંચાયતની કુલ-૮ તેમજ હિંમતનગર તાલુકા પંચાયતની કુલ-૨૮ બેઠકોની મતગણતરી યોજાનાર હોઈ, આ મતગણતરી દરમ્યાન હિંમતનગર શહેર અને તાલુકામાંથી આશરે ૧૫૦૦૦ થી ૨૦૦૦૦ જેટલી જનમેદની ભેગી થવાની સંભાવના છે. જેથી સદરહું મતગણતરી દરમ્યાન સ્ટ્રોંગરૂમ બિલ્ડીંગ તથા કેમ્પસ ખાતે તેમજ પો.સ્ટે. વિસ્તારમાં કાયદો વ્યવસ્થા અને ટ્રાફીક નિયમન જળવાઈ રહે અને બીજો કોઈ અનિચ્છનીય બનાવ બને નહિં તે સારૂ તા.૨૮/૦૪/૨૦૨૬ના સવારના કલાક:૦૬/૦૦ થી કલાક: ૨૦/૦૦ વાગ્યા સુધી પોલીટેકનિક હાઈવે ચાર રસ્તાથી સિવીલ હોસ્પિટલના મુખ્ય દરવાજા સુધી વાહનોને ડાયવર્ઝન કરાવવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

સબબ, હું લલિત નારાયણ સિંઘ સાંદુ(આઈ.એ.એસ.), કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ - ૩૩ (૧) (બી) તથા ૩૩ (૧) (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી નીચે મુજબના જાહેર રસ્તા ઉપર વાહનોનો પ્રતિબંધ ફરમાવી જણાવ્યા મુજબના વૈકલ્પિક રૂટ ઉપરથી વાહનો ડાયવર્ટ કરવા હુકમ કરૂ છું.

-:: જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર::-

પોલીટેકનિક હાઈવે ચાર રસ્તાથી સિવિલ હોસ્પિટલના મુખ્ય દરવાજા સુધી

-::વૈકલ્પિક રસ્તાનો રૂટ ::-

- ગઢોડા ગામથી મોતીપુરા પોલીટેકનિક તરફ આવતા વાહનો સિવીલ સામેના શંકુઝ કેન્સર હોસ્પિટલ કોમ્પ્લેક્ષ આગળ થઈ જી.આઈ.ડી.સી. અંદર મોતીપુરા તરફ.
- પોલીટેકનિક હાઈવે ચાર રસ્તાથી ગઢોડા ગામ તરફ જતા વાહનો હાઈવે રોડ થઈ સાબરડેરી ત્રણ રસ્તા તરફ.
- આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ હેલીપેડ સામે આવેલ દુકાનોના વેપારીઓ તેમજ શરણમ સોસાયટી, આદર્શ બંગ્લોઝ સોસાયટીઓના રહિશોના વાહનો સિવિલ રોડ થઈ ટી.પી. રોડ થઈ મોતીપુરા હિંમતનગર શહેર તરફ.

-:: જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો :-

તા.૨૮/૦૪/૨૦૨૬ના સવારના કલાક:૦૬/૦૦ થી કલાક: ૨૦/૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે.

- :: જાહેરનામા મુજબ પ્રતિબંધિત કૃત્યો ::-

પ્રતિબંધિત વિસ્તારમાં તમામ પ્રકારના વાહનો તેમજ રાહદારીઓની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરવામા આવે છે.

-આ હુકમમાં નીચે મુજબ અપવાદ છે.

સિવિલ હોસ્પિટલના દર્દીઓ, ઈમરજન્સી સેવાઓ સાથે સંકળાયેલ સ્ટાફ, એમ્બ્યુલન્સ વાન, કોલેજ પ્રોફેસશ્રીઓ, વિદ્યાર્થીઓ તેમજ ચૂંટણી સાથે જોડાયેલ તમામ સરકારી અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ અને ચૂંટણી ઉમેદવારોના વાહનોને મુક્તિ આપવામાં આવે છે.

જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૭મી એપ્રિલ, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.06.25 16:33:05 IST